દાખલ થયા તારીખ : ૧૧–૧૧–૦૯
રજી.લીધા તારીખ : ૧૧–૧૧–૦૯
નિકાલ તારીખ : ૩૦–૦૩–૧૯
સમય : વર્ષ......માસ.....દિવસ......

सत्यमेव जयते

**અમદાવાદના એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૪ સમક્ષ.**

ફોજદારી કેસ નં. ૨૦૬૫/૨૦૦૯
આંક :

ફ રી યા દી................ શ્રી સરકાર

વિરુધ્ધ

આ રો પી ................ પોપટભાઈ મોહનભાઈ પટેલ ઉ.વ. ૭૪
રહે. બી/૮, બાપાસીતારામ બંગ્લોઝ
નવા નીકોલ, અમદાવાદ

તહોમત :– **ઈ.પી.કો. કલમ ૨૯૪(ખ) ૫૦૬(૧) તથા ૫૦૭ મુજબ...**

ફરીયાદપક્ષે :– વિ.એ.પી.પી.શ્રી રાઠોડ

આરોપી પક્ષે :– વિ.વકીલશ્રી જી.બી. શાહ

# –:: ચુકાદો ::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીને તૈયાર પોલીસના ૧૧૦ કેરેટ વજનના હીરા આપેલા. જે હીરાના વેચાણના પૈસા તા. ૨૨–૮–૦૯ ના રોજ

આપવાનું આરોપીએ જણાવેલ. જેથી તા. ૨૨-૮-૦૯ ના રોજ બપોરના ત્રણેક વાગે આરોપીએ ફરીયાદીને સરદાર પટેલ ડાયમંડ માર્કેટમા મળતા ફરીયાદીએ હીરાના પૈસાની વાતચીત કરતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ જેમ ફાવે તેમ બીભત્સ ગાળો બોલી કહેલ કે, કયા હીરા અને શેના પૈસા. આજ પછી હીરા કે પૈસાની માંગણી કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલ અને ત્યારબાદ તેઓ તેમના વતનમા જતા રહેલા જેથી ફરીયાદીએ આરોપીનો મોબાઈલ ફોન નંબર મેળવી તે ફોન ઉપર તેની સાથે હીરા કે પૈસાની માંગણી કરતા આરોપીએ ફરીયાદીને ફોનમા પણ બીભત્સ ગાળો આપી હીરા કે પૈસાની માંગણી કરશો તો જાનથી મારી નાખીશ તેવી અવારનવાર ધમકી આપી ગુનો કરેલ હોઈ, આ અંગેની ફરીયાદીએ દાણીલીમડા પોલીસ સ્ટેશનમા ઈ.પી.કો. કલમ ૨૯૪(ખ), ૫૦૬(૧) તથા ૫૦૭ મુજબના ગુનાની ફરીયાદ આપતા પોલીસે સેકન્ડ ગુના રજી.નં. ૩૨૪૧/૦૯ થી ગુનો રજીસ્ટર્ડ કરેલ અને આરોપીની અટક કરેલ અને તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આ કામે ચાર્જશીટ કરેલ છે. જે ઉપરોકત નંબરેથી રજીસ્ટરે નોધવામા આવેલ છે.

(૨) આ કામના આરોપીને અદાલત ધ્વારા સમન્સો ઈસ્યુ કરવામા આવતા તેની ધોરણસરની બજવણી થતા તેઓ અદાલત સમક્ષ હાજર રહેલા છે અને તેઓને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ તમામ પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પુરી પાડવામા આવેલ છે અને તે નકલો મળી ગયા બાદ આરોપીએ ચાર્જશીટ લગત તેમની સહીઓ કરેલ છે.

ત્યારબાદ આરોપીઓને નકલો મળી ગયાની ખાતરી કર્યા બાદ આંક-૩ થી આરોપી સામે ત્હોમતનામું ફરમાવી આરોપીની ગુના સંબંધેની પ્લી આંક-૪ મુજબની રેકર્ડ કરવામા આવેલ છે અને તેમા તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા સદર કેસ ફરીયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખવામા આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમા નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રેકર્ડ કરવામા આવેલ છે.

**<u>ફરી.પક્ષે રજુ થયેલ મૌખિક પુરાવાઓ ::</u>**

૧. આંક–૫ ફરી.પક્ષે સાહેદ નં. ૧ ફરીયાદી વિનુભાઈ પોપટભાઈ પટેલની જુબાની

**<u>ફરી.પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ::</u>**

૧. આંક–૬ ફરીયાદ.

ત્યારબાદ ફરીયાદીએ આંક–૭ થી કલોઝીગ પુરશીશ રજુ કરતા તે કારણોસર અન્ય કોઈ સાહેદોને તપાસવામા આવેલા નથી.

(૪) ફરીયાદપક્ષે રજુ થયેલ ફરીયાદીનો પુરાવો વંચાણે લેતા આરોપીનું સી.આર.પી.સી.ની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોધવા લાયક પુરાવો ન હોઈ, વિશેષ નિવેદન નોધવામા આવેલ નથી.

(૫) ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો અને આરોપી તરફેના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામા આવી.

(૬) આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુ દ્દા ઓ ::–</u>**

: ૧ : શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરેલ છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આરોપીને ફરીયાદીએ પોલીસવાળા ૧૧૦ કેરેટના હીરા આપેલા અને તેના વેચાણના પૈસા માટે ફરીયાદીએ આરોપીને કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ જેમ ફાવે તેમ બીભત્સ ગાળો બોલી કહેલ કે, કયા હીરા અને

શેના પૈસા. આજ પછી હીરા કે પૈસાની માંગણી કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલ અને ત્યારબાદ તેઓ તેમના વતનમા જતા રહેલા જેથી ફરીયાદીએ આરોપીનો મોબાઈલ ફોન નંબર મેળવી તે ફોન ઉપર તેની સાથે હીરા કે પૈસાની માંગણી કરતા આરોપીએ ફરીયાદીને ફોનમા પણ બીભત્સ ગાળો આપી હીરા કે પૈસાની માંગણી કરશો તો જાનથી મારી નાખીશ તેવી અવારનવાર ધમકી આપી ઈ.પી.કો. કલમ ૨૯૪(ખ), ૫૦૬(૧) તથા ૫૦૭ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો આ કોર્ટની હકુમતમા કરેલ છે ?

:૨: શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

:૧: નકારમાં.

:૨: આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયોના મારા વિગતવારના કારણો નીચે મુજબના છે.

'' કારણો ''

**મુદ્દા નં. ૧ અને ૨ ::–**

આ કામે આરોપીઓ સામેના ગુનાનો આક્ષેપ જોઈએ તો ઈ.પી.કો. કલમ ૨૯૪ (ખ), ૫૦૬ (૧) તથા ૫૦૭ મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૯) આ કામે ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમા એકમાત્ર ફરીયાદી વિનુભાઈ પોપટભાઈ પટેલને આંક–૫ થી તપાસવામા આવેલા છે અને તેમા તેઓએ એવું જણાવેલ છે કે, તેઓએ આપેલા હીરાના પૈસાની માંગણી આરોપી પાસે કરતા તેઓએ આપેલ નહી અને તે અંગે સામાન્ય બોલાચાલી થયેલી જેથી આવેશમા આવીને તેઓએ હાલની ફરીયાદ કરેલ છે

અને આ કહી તેઓ તેમની સરતપાસમા ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોઈ, તેઓને એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલ છે અને તેઓની ઉલટતપાસની પરવાનગી આપવામા આવતા તેમા પણ પુછેલ સવાલના જવાબમા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા નથી ઉલ્ટાનું તેઓએ સમાધાન થઈ ગયેલ છે તેવું સ્વીકારેલ છે, આ ફરીયાદીની આરોપીઓ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા એવું સ્વીકારેલ છે કે, તેઓને આરોપીએ મારી નાખવાની ધમકી આપેલ નથી કે ગાળો આપેલ નથી કે ફોનમા કોઈ ધમકી આપેલ નથી અને તેઓને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે.

આમ, આ ફરીયાદીની જુબાની વિશ્વાસનીય અને માનવાલાયક જણાતી નથી અને તેના પર આધાર રાખી શકાય તેમ નથી.

આ કામે ફરીયાદીએ આંક–૭ થી પુરાવા બંધની પુરશીશ રજુ કરતા તે કારણોસર ફરીયાદપક્ષે અન્ય કોઈ સાહેદોને તપાસેલા નથી.

(૧૦) આમ, આ કામે જયારે ઈ.પી.કો. કલમ ૨૯૪ (ખ),૫૦૬ (૧) તથા ૫૦૭ મુજબના ગુનાનો મુખ્ય આરોપ છે ત્યારે આ ગુનાના આવશ્યક તત્વો આ કામના ફરીયાદીની જુબાનીથી પુરવાર થતા નથી. ફરીયાદપક્ષ પડેલ પુરાવાના આધારે તેમનો કેસ શંકારહીત પુરવાર કરવામા નિષ્ફળ નીવડેલા હોવાનું માની સદર મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમા આપું છું અનેમુદ્દા નં. ૨ સંબંધેનો આખરી હુકમ ન્યાયના હીતમા નીચે મુજબનો કરવામા આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૮ (૧) અન્વયે ઈ.પી.કો. કલમ ૨૯૪ (ખ), ૫૦૬ (૧) તથા ૫૫૭ મુજબના ગુનાના કામના આરોપી પોપટભાઈ મોહનભાઈ પટેલનાઓને પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

આરોપીએ રૂા. ૫,૦૦૦/– (પાંચ હજાર ) પુરાના સી.આર.પી.સી.ની કલમ ૪૩૭ (એ) મુજબ ઉપલી અદાલતમા હાજર રહેવા માટેના એકવીટલ જામીન આપવાનો હુકમ કરવામા આવે છે.

આજરોજ તા. ૩૦ મી માહે માર્ચ સને ૨૦૧૯ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦–૩–૧૯

અમદાવાદ

( એચ.એન.દેસાઈ )
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૪
અમદાવાદ
યુનીક કોડ નં. જીજે–૦૦૭૩૮

JRRAVAL,PA